


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 33 ■ તા. 23-08-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk

# ખાંડનો ભાવ પ્રતિ કિલો ૭૦ રુપિયા, ઉત્પાદન ઘટયું હોવાનું કેન્દ્રની કબૂલાત

નવી દિલ્હી, તા.૨૨

દેશમાં ખાંડનો ભાવ પ્રતિ કિલો ૭૦ રુપિયાએ પહોંચી જતા કેન્દ્રએ સ્પષ્ટતા કરી છે કે ચાલુ વર્ષમાં ખાંડનું ઉત્પાદન ઘટવાના લીધે આ સ્થિતિ સર્જાઈ છે. ખાંડનું ઉત્પાદન ૩૪૩ લાખ ટન થવાના અંદાજ સામે ૩૦૬ લાખ ટન જ થયું હતું, જો કે સ્થાનિક માંગ ૨૮૦થી ૨૮૫ લાખ ટન જ હાય છે. તેની સાથે ઈથેનોલના ઉત્પાદન સાથે ખાંડના ભાવને કોઈ સંબંધ નથી તેમ સરકારે જણાવ્યું હતું.

ભારતમાં તહેવારોની સીઝન શરૂ થઈ રહી છે અને તે જ સમયે ખાંડના ભાવમાં વધારો થવાના કારણે ટીકાકારોએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.

તેઓ એવો દાવો કરી રહ્યા છે કે સરકાર ખાંડનો પુરવઠો ઈથેનોલ તરફ વાળી રહી હોવાના કારણે ભાવ વધી રહ્યા છે. કેન્દ્રએ આ આરોપો ફગાવી દીધા છે. કેન્દ્રએ જણાવ્યું હતું કે ૨૦૨૨-૨૩માં ઈથેનોલના ઉત્પાદનમાં ખાંડનો ફાળો ૧૨ ટકા હતો, જે ૨૦૨૫-૨૬માં ઘટીને નવ ટકા થયો છે, જે મુજબ આ હિસ્સેદારી ૪૦ લાખ ટનથી ઘટીને ૨૮ લાખ ટન થઈ છે. આમ ખાંડના કુલ ઉત્પાદનમાંથી માંડ દસમા ભાગનો હિસ્સો જ ઈથેનોલ પાછળ જાય છે.

સરકારે સ્પષ્ટ કરી દીધું છે કે ખાંડનું ઉત્પાદન ઓછું થતાં અને માંગમાં વધારો થતાં ખાંડના ભાવમાં આ વધારો થયો છે. ખાંડનો ભાવ ફક્ત ભારતમાં જ વધ્યો છે તેવું નથી. આખા વિશ્વમાં વધ્યો છે. ૨૦૨૬-૨૭માં કમસેકમ ૩૩ લાખ ટન ખાંડની ઘટ પડવાનું અનુમાન છે. ખાંડનો ભાવ ૩૦ જૂને પ્રતિ ટન ૪૭૪ ડોલર હતો, જે ૨૦ ઓગસ્ટે વધીને પ્રતિ ટન ૫૫૨ ડોલર થઈ ગયો. આમ બે મહિનામાં ખાંડનો ભાવ લગભગ ૧૬ ટકાથી વધુ વધ્યો છે.

ફૂડ સેક્રેટરી સંજીવ ચોપરાએ જણાવ્યું હતું કે સરકારનું સ્પષ્ટપણે માનવું છે કે કેટલીક ખાંડની મિલો અને કારોબારીઓની સંઘરાખોરીના કારણે ખાંડના ભાવ વધ્યા છે. તેને રોકવા માટે ઘણા પગલાં લેવામાં આવ્યા છે. ખાંડના ડીલરો પર પહેલી ઓગસ્ટથી ૩૦ નવેમ્બર સુધી ૪૦૦ ટન સ્ટોકની મર્યાદા લાગુ કરવામાં આવી છે. પહેલી



સપ્ટેમ્બરથી બલ્ક ખરીદદારો ૧૫ દિવસની ખપત કરતાં વધુ ખાંડ નહીં ખરીદી શકે. કેન્દ્ર અને રાજ્યની ટીમો ભેગા મળીને મિલોમાં સ્ટોક ચકાસી રહી છે. તેમનો હેતુ જમાખોરી અને કૃત્રિમ અછતને રોકવાનો છે.

સરકારે તહેવારોના સમયે ખાંડની કોઈપણ પ્રકારની અછત ટાળવા ૧૦ લાખ ટન ખાંડ આયાત કરવાની મંજૂરી પણ આપી દીધી છે. તેની સાથે ચીનની મિલોની નવી પીલાણ સીઝન ૧૫ દિવસ વહેલા શરૂ કરવા જણાવી દીધું છે, જેથી બજારમાં ખાંડનો પુરવઠો અવિરત ધોરણે જારી રહે. તેના લીધે ઓક્ટોબરમાં ખાંડનું ઉત્પાદન સામાન્ય કરતાં વધુ રહેવાની આશા છે. સરકારના જણાવ્યા મુજબ સામાન્ય રીતે ઓક્ટોબરમાં ત્રણથી ચાર લાખ ટન ખાંડનું ઉત્પાદન થાય છે. આ વખતે તે દસ લાખ ટને પહોંચી શકે છે.

### મલ્લિકાર્જુન ખડગેએ સરકારને કર્યા સવાલ

# ૪૦% મોંઘી થઈ ખાંડ, મોંઘવારીના માર માટે જવાબદાર કોણ?

## તહેવારો પહેલા જ જનતા પર મોંઘવારીનો માર : કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મોદી સરકારની ઈથેનોલ નીતિને લઈને પણ સવાલ ઉઠાવ્યા હતા

નવી દિલ્હી, તા.૨૨

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ શનિવારે ખાંડની વધતી કિંમતોને લઈને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે મોદી સરકારની ઈથેનોલ નીતિને લઈને પણ સવાલ ઉઠાવ્યા છે. હવે આ મામલે ભારતીય જનતા પાર્ટીના નેતા અમિત માલવીયાએ પ્રતિક્રિયા આપી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં કરીને કહ્યું કે, ખાંડની કિંમત, સ્ટોક અને આયાત (ઈમ્પોર્ટ)ને E20 સાથે જોડવું એ સુવિધાજનક રાજનીતિ છે, પરંતુ આંકડા તેની પુષ્ટી કરતા નથી.

તેમણે ક્રમવાર આંકડા ગણાવીને ૯ વર્ષના સૌથી ઓછા સ્ટોક અને ૧૦ લાખ ટન આયાતને લઈને કહ્યું કે, આયાતનો નિર્ણય સુગર બેલેન્સથી થાય છે. ઉત્પાદન, વપરાશ, સ્ટોક, કિંમતો અને E20થી નક્કી થતો નથી. તેમણે કહ્યું કે ૨૦૨૫-૨૬નું પ્રારંભિક ઉત્પાદન અનુમાન લગભગ ૩૪૯ લાખ ટન હતું, જે ઘટીને આશરે ૨૮૦ લાખ ટન થઈ ગયું છે.

અમિત માલવીયાએ કહ્યું કે, ઉત્પાદનમાં ભારે ઘટાડો, સ્થિર વપરાશ અને ઘટતો ક્લોઝિંગ સ્ટોક વર્તમાન દબાણનું અસલી કારણ છે. આવી સ્થિતિમાં ઘરેલું ઉપલબ્ધતા અને કિંમતોને સંભાળવા માટે આયાત એ સંતુલિત નીતિગત પ્રક્રિયા છે. તેમણે કહ્યું કે, કિંમતો પર દબાણ ઉત્પાદન અને સ્ટોકમાં ઘટાડાથી આવ્યું છે. E20 પર દોષનો ટોપલો ઢોળવો એ આંકડાઓની વિરુદ્ધ છે.

ખાંડ ઓછી છે તો શેરડી E20માં કેમ નાખી રહ્યા છો? આ સવાલના જવાબમાં અમિત માલવીયાએ કહ્યું કે, E20ના કારણે ખાંડની અછત સર્જાઈ હોવાનું કહેવું ખોટું છે.

તેમણે કહ્યું કે, ભારત ઈ૨૦નો ઉપયોગ શરૂ કરાયા પહેલાં પણ ખાંડ આયાત (ઈમ્પોર્ટ) કરતું હતું. UPA-IIમાં ૨૦૦૯-૧૦થી ૨૦૧૩-૧૪ વચ્ચે ૭૫.૨૫ LMT આયાત થઈ હતી, અકેલા ૨૦૦૯-૧૦માં ૪૧.૮ LMT, જ્યારે ઈ૨૦નો કોઈ સવાલ જ નહોતો. દરેક આયાત (ઈમ્પોર્ટ) ઘરેલું વપરાશ માટે જ નથી હોતું, કાચી ખાંડનો એક ભાગ પ્રોસેસિંગ કરીને ફરીથી નિકાસ (રી-એક્સપોર્ટ) કરવામાં આવે છે.

મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે તહેવારો પહેલાં ખાંડની મીઠાશમાં મોદી સરકારની નીતિઓની કડવાશ ભળી ગઈ છે. તેમણે મોદી સરકારને ૩ સવાલો પૂછ્યા. સૌથી પહેલા ખરગેએ કહ્યું કે, વિશ્વનો મોટો ખાંડ ઉત્પાદક અને નિકાસકાર દેશ ભારતમાં આજે ખાંડનો સ્ટોક ૯ વર્ષના નીચલા સ્તરે કેમ છે? નિકાસ રોકવા અને ૧૦ લાખ ટન ખાંડ ડ્યૂટી-ફ્રી આયાત કરવાની નોબત કેમ આવી?

મલ્લિકાર્જુન ખડગેએ સવાલ પૂછતાં કહ્યું કે, ૩ મહિનામાં ખાંડ લગભગ ૪૦ ટકા મોંઘી થઈ ગઈ. તહેવારો પહેલાં જનતા પર પડેલી આ મોંઘવારીની માર માટે જવાબદાર કોણ છે? જ્યારે દેશમાં ખાંડની અછત છે અને સરકાર વિદેશથી ખાંડ મંગાવી રહી છે, તો શેરડી અને અનાજને E20 માટે ઈથેનોલ બનાવવામાં નાખવાની નીતિની સમીક્ષા કેમ નથી થઈ રહી?

### એરપોર્ટ પર લાંબી કતારોમાંથી મુક્તિ

# બોર્ડિંગ પાસ પર સિક્કા મારવાની પ્રથા નાબૂદ કરાઈ

## હવે મુસાફરો સ્માર્ટફોન પર ડિજિટલ ઈ-બોર્ડિંગ પાસ બતાવી ઈમિગ્રેશન ક્લિયરન્સ મેળવી શકશે

નવી દિલ્હી, તા.૨૨

ભારતના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ્સ પરથી વિદેશ પ્રવાસ કરનારા મુસાફરો માટે કેન્દ્ર સરકાર તરફથી મોટા રાહતના સમાચાર આવ્યા છે.

હવે આંતરરાષ્ટ્રીય મુસાફરોએ ઈમિગ્રેશન કાઉન્ટર પર પોતાના બોર્ડિંગ પાસ પર ફિઝિકલ સિક્કો મરાવવાની જરૂર રહેશે નહીં.

ગૃહ મંત્રાલય હેઠળ કાર્યરત બ્યુરો ઓફ ઈમિગ્રેશને નિર્ણય લીધો છે કે આગામી પહેલી સપ્ટેમ્બર ૨૦૨૬થી દેશના તમામ આંતરરાષ્ટ્રીય હવાઈ મથકો પર બોર્ડિંગ પાસની ફિઝિકલ સ્ટેમ્પિંગ પ્રક્રિયા કાયમ માટે બંધ કરવામાં આવશે. હવે મુસાફરો પોતાના સ્માર્ટફોન પર ડિજિટલ ઈ-બોર્ડિંગ પાસ બતાવીને સરળતાથી ઈમિગ્રેશન ક્લિયરન્સ મેળવી શકશે.

બોર્ડિંગ પાસ સ્ટેમ્પિંગ કેમ




બંધ કરવામાં આવ્યું?

ઈમિગ્રેશન બ્યુરોને મુસાફરો તરફથી સતત ફરિયાદો મળી રહી હતી કે સ્ટેમ્પિંગ પ્રક્રિયાના કારણે સિસ્ટમમાં વિલંબ થાય છે.

દરેક બોર્ડિંગ પાસ પર મહોર લગાવવાને કારણે કાઉન્ટર પર મુસાફરોનો લાંબો સમય વેડફાતો હતો.

ઘણી વખત સિક્કો બરાબર ન લાગવો અથવા ખોટી જગ્યાએ લાગવાને કારણે આગળ જતાં બોર્ડિંગ ગેટ પર સુરક્ષા તપાસ દરમિયાન તેને વાંચવામાં ભારે મુશ્કેલી ઊભી થતી હતી.

૧ સપ્ટેમ્બરથી બદલાયેલી વ્યવસ્થાના મુખ્ય નિયમો

અમલીકરણ તારીખઃ ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ થી

લાગુ ક્ષેત્રઃ દેશના તમામ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ્સ

નવી સુવિધાઃ મોબાઈલ પર ડિજિટલ ઈ-બોર્ડિંગ પાસ માન્ય

પ્રિન્ટેડ પાસ ધારકોઃ પ્રિન્ટેડ બોર્ડિંગ પાસ રાખી શકાશે, પરંતુ તેના પર સિક્કો નહીં લાગે

અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે જે મુસાફરો હજુ પણ પ્રિન્ટેડ બોર્ડિંગ પાસ રાખવા માંગતા હોય તેઓ રાખી શકે છે. ફેરફાર માત્ર એટલો જ છે કે ઈમિગ્રેશન અધિકારીઓ હવે તે કાગળ પર કોઈ સિક્કો લગાવશે નહીં.

હવાઈ યાત્રાને સંપૂર્ણપણે પેપરલેસ અને ડિજિટલ બનાવવા તરફ આ એક મોટું પગલું છે.

ભારતીય પાસપોર્ટ ધરાવતા પ્રવાસીઓ માટે દેશમાંથી બહાર નીકળતી વખતે અને પરત પ્રવેશતી વખતે પાસપોર્ટ પર ફિઝિકલ સ્ટેમ્પ લગાવવાની પ્રક્રિયા પણ નાબૂદ કરવાની યોજના છે.

હાલમાં આ માટે ચોક્કસ એરપોર્ટ્સ પર સફળતાપૂર્વક પાયલટ પ્રોજેક્ટ ચલાવવામાં આવી રહ્યો છે.

પાયલટ પ્રોજેક્ટનું પરીક્ષણ પૂર્ણ થયા બાદ ટૂંક સમયમાં પાસપોર્ટ પર સ્ટેમ્પિંગ વગરની ઈ-ગેટ સિસ્ટમ દેશભરના એરપોર્ટ્સ પર સંપૂર્ણપણે લાગુ કરવામાં આવશે.

### માણસ હાર્યો, મશીન જીત્યું!

# ચીનના રોબોટે ૧૦૦ મીટર રેસમાં ઉસેન બોલ્ટનો રેકોર્ડ તોડ્યો

## ચીનની સ્માર્ટફોન કંપની Honor દ્વારા વિકસિત લાઈટનિંગ નામના હ્યુમનોઈડ રોબોટે ૧૦૦ મીટરની દોડ ૯.૩૨ સેકન્ડમાં પૂરી કરી

બેઈજીંગ, તા.૨૨

માનવ ઈતિહાસમાં જે સ્પીડને અશક્ય માનવામાં આવતી હતી, તે સીમાચિહ્નને હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબોટિક્સે પાર કરી લીધું છે. સ્માર્ટફોન નિર્માતા કંપની Honor દ્વારા વિકસાવવામાં આવેલા હ્યુમનોઈડ રોબોટ 'લાઈટનિંગ'એ ૧૦૦ મીટરની દોડ માત્ર ૯.૩૨ સેકન્ડમાં પૂરી કરીને માનવ વર્લ્ડ રેકોર્ડને પાછળ છોડી દીધો છે.

શનિવારથી શરૂ થઈ રહેલી બીજી વર્લ્ડ હ્યુમનોઈડ રોબોટ ગેમ્સ માટેના ઈવેન્ટ દરમિયાન આ રોબોટે દોડ લગાવી હતી. આ ટ્રાયલ દરમિયાન લાઈટનિંગ રોબોટે ૧૪.૫ મીટર પ્રતિ સેકન્ડની પીક સ્પીડ હાંસલ કરી હતી. આ અસાધારણ પ્રદર્શને જમૈકાના મહાન દોડવીર ઉસેન બોલ્ટ દ્વારા ૧૭ વર્ષ પહેલાં બર્લિન ખાતે વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં સ્થાપિત ૯.૫૮ સેકન્ડના ૧૦૦ મીટર મેન્સ વર્લ્ડ રેકોર્ડને પાછળ છોડી દીધો છે.

આ પહેલી વાર નથી જ્યારે આ રોબોટે પોતાની સ્પીડથી સૌને આશ્ચર્યમાં મૂક્યા હોય. અગાઉ એપ્રિલ મહિનામાં યોજાયેલી ૨૧ કિમીની બેઈજિંગ હાફ મેરેથોનમાં પણ લાઈટનિંગ વિજેતા બન્યો હતો. તેણે આ અંતર માત્ર ૫૦ મિનિટ અને ૨૬ સેકન્ડમાં પૂરું કર્યું હતું, જે એલિટ પુરુષ માનવ વર્લ્ડ રેકોર્ડની ગતિ કરતાં પણ વધુ ઝડપી હતું. ચાઈના સેન્ટ્રલ ટેલિવિઝનના અહેવાલ અનુસાર, જ્યારે રોબોટે હાફ મેરેથોન દોડી હતી ત્યારે તેની કુલ ઊંચાઈ ૧૬૯૭દ્ઘ અને તેના પગની લંબાઈ 95cm હતી. આગામી રોબોટ ગેમ્સ માટે સંશોધકોએ તેના પગની લંબાઈમાં વધુ 10cm નો વધારો કર્યો છે, જેના કારણે તેની સ્પીડ અને સ્ટ્રાઈડમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.

ચીન હ્યુમનોઈડ રોબોટ્સને એક વ્યૂહાત્મક ઉદ્યોગ તરીકે પ્રોત્સાહન આપી રહ્યું છે. ત્યાંના નીતિ નિર્માતાઓ અને ટેકનોલોજી કંપનીઓ એ બાબત પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે કે એડવાન્સ્ડ AI અને સુધારેલા હાર્ડવેરના જોડાણથી મેન્યુફેક્ચરિંગ, લોજિસ્ટિક્સ અને કન્ઝ્યુમર એપ્લિકેશન્સમાં આ પ્રકારના હ્યુમનોઈડ રોબોટ્સનો ઉપયોગ અત્યંત ઝડપથી વધારી શકાશે.

### મુંબઈમાં FDAનો સપાટો

# મેકડોનાલ્ડ્સ સહિત ૧૩ ફૂડ આઉટલેટ્સના લાઈસન્સ સસ્પેન્ડ

## ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના ધોરણોના કથિત ઉલ્લંઘન બદલ કાર્યવાહી : અધિકારીઓએ આ જાહેરાત કરી

મુંબઈ, તા.૨૨

મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ રાજ્યમાં ૧૩ ફૂડ આઉટલેટ્સના લાઈસન્સ સસ્પેન્ડ કર્યા છે, જેમાં દક્ષિણ મુંબઈમાં બોમ્બે પ્રેસિડેન્સી રેડિયો ક્લબ અને મેકડોનાલ્ડ્સ આઉટલેટનો સમાવેશ થાય છે, ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના ધોરણોના કથિત ઉલ્લંઘન બદલ. અધિકારીઓએ શુક્રવારે આ જાહેરાત કરી.

મે મહિનામાં IAS અધિકારી તુકારામ મુંધેએ FDA કમિશનર તરીકે પદભાર સંભાળ્યો ત્યારથી, FDA એ ખાદ્ય સુરક્ષા અને અન્ય નિયમોનું ઉલ્લંઘન કરતી સંસ્થાઓ પર કાર્યવાહી શરૂ કરી છે. એક સત્તાવાર નિવેદન અનુસાર, હ્લઢ્ઢછ એ તેના તાજેતરના ખાસ અભિયાન દરમિયાન રાજ્યભરમાં કુલ ૮૯ હોટલ, રેસ્ટોરાં અને ખાણીપીણીની દુકાનોનું નિરીક્ષણ કર્યું હતું.

આમાંથી, ૭૧ ફૂડ આઉટલેટ્સને સુધારાની નોટિસ જાહેર કરવામાં આવી હતી, જ્યારે ૧૩ સંસ્થાઓના ફૂડ બિઝનેસ લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. નિવેદન અનુસાર, ૧૯ ઓગસ્ટના રોજ કરવામાં આવેલા નિરીક્ષણ દરમિયાન, રેડિયો ક્લબમાં ૪૭ ટકા ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતા ધોરણોનું ઉલ્લંઘન થયું હોવાનું જણાયું હતું. હ્લઢ્ઢછ એ ક્લબને સસ્પેન્શન સમયગાળા દરમિયાન ખાદ્ય ચીજોની ખરીદી, વેચાણ અને વિતરણ બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે.

ક્લબના રસોડામાં મોટી સંખ્યામાં જીવંત માખીઓ અને મરેલા વંદો મળી આવ્યા. ખાદ્ય ચીજો પણ સીધા ફ્લોર પર સંગ્રહિત મળી આવી હતી, જ્યાં રસોઈ બનતી બનતી હતી ત્યાં ઉપરની છત પર ઉખડેલ પ્લાસ્ટ પેન્ટ જોવા મળ્યું હતું.

દક્ષિણ મુંબઈના કોલાબામાં મેટ્રો હાઉસ ખાતે હાર્ડકેસલ રેસ્ટોરન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સંચાલિત મેકડોનાલ્ડ્સ રેસ્ટોરન્ટનું FSSAI લાઈસન્સ પણ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. FDA એ જણાવ્યું હતું કે, ૧૯ ઓગસ્ટના રોજ કરવામાં આવેલા પુનઃ નિરીક્ષણમાં જાણવા મળ્યું કે, અગાઉ જાહેર કરાયેલ સુધારણા સૂચનામાં સૂચિબદ્ધ ૨૦ ખામીઓમાંથી ૧૮ ખામીઓને દૂર કરવામાં આવી નથી.

અધિકારીઓએ રેસ્ટોરન્ટમાં અનેક ખામીઓ નોંધાવી હતી, જેમાં ખામીયુક્ત તાપમાન નિયંત્રણ ઉપકરણો, જીવંત વંદો, ગંદકી અને ખોરાકનો કચરો શામેલ છે. વધુમાં, કર્મચારીઓની સ્વચ્છતા અંગે પણ અનેક સવાલો ઉભા થાય તેવી સ્થિતિ જોવા મળી હતી.

FDA એ જણાવ્યું હતું કે, રેસ્ટોરન્ટે ૧૨ ઓગસ્ટના રોજ ૧૪૮ પાનાનો પાલન અહેવાલ રજૂ કર્યો હતો, પરંતુ ફરીથી નિરીક્ષણમાં ગંભીર ખામીઓ બહાર આવી હતી. અધિકારીઓએ ગ્રાહકોને વાસ્તવિક ચીઝ અને પનીરના ઉપયોગની જાણ કરવા છતાં ×ગો ચીઝ સોસ× નામના પ્રોસેસ્ડ, નોન-ડેરી ઉત્પાદનનો ઉપયોગ પણ નોંધ્યો હતો.

### વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રીએ જાહેરાત કરી હતી

# કોડીનારને ગુજરાતનું શ્રીહરિકોટા બનાવવાની તૈયારીઓ શરૂ થઈ

કોડીનાર, તા.૨૨

ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં અવકાશ ક્ષેત્રને નવી દિશા આપવાની તૈયારીઓ શરૂ થઈ છે. કોડીનાર નજીક નવું અવકાશ પ્રક્ષેપણ સ્ટેશન એટલે કે સ્પેસપોર્ટ સ્થાપવાની રાજ્ય સરકારે જાહેરાત કરી છે. વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ ૨૧ ઓગસ્ટે અમદાવાદના સાયન્સ સિટી ખાતે ત્રણ દિવસીય અવકાશ મહોત્સવના ઉદ્ઘાટન દરમિયાન આ જાહેરાત કરી હતી.

કોડીનાર નજીક સ્પેસપોર્ટ સ્થાપવાનું કામ હાલ પ્રારંભિક તબક્કામાં છે. રાજ્યના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO) સાથે સહયોગમાં સ્થળનું ટેકનિકલ મૂલ્યાંકન ચાલી રહ્યું છે. સ્થળ નક્કી થયા બાદ પ્રોજેક્ટને આગળ વધારવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

કોડીનાર અને ગીર વચ્ચેનો દરિયાકાંઠાનો વિસ્તાર અવકાશ સંબંધિત પ્રવૃત્તિઓ માટે સંભવિત સ્થળ તરીકે અગાઉ પણ ચર્ચામાં રહ્યો છે. યોગ્ય ભૌગોલિક પરિસ્થિતિ અને દરિયાઈ વિસ્તારને કારણે અહીંથી રોકેટ લોન્ચિંગ માટેની સંભાવનાઓનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. જોકે, અંતિમ સ્થળ અને પ્રોજેક્ટની ટેકનિકલ વિગતો હજુ નક્કી થવાની બાકી છે.

હાલ ભારતનું મુખ્ય સ્પેસપોર્ટ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં છે, જ્યારે તમિલનાડુના કુલશેખરપટ્ટીનમમાં બીજા સ્પેસપોર્ટનું કામ ચાલી રહ્યું છે. ગુજરાતમાં કોડીનાર નજીક પ્રસ્તાવિત લોન્ચ સેન્ટર શરૂ થાય તો રાજ્ય દેશના વિકસતા ખાનગી અને વ્યાવસાયિક અવકાશ ક્ષેત્ર સાથે વધુ મજબૂતીથી જોડાઈ શકે છે. રાજ્યમાં સેટેલાઈટ મેન્યુફેક્ચરિંગ સહિત અવકાશ ક્ષેત્રની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે ખાસ પહેલ કરવામાં આવી રહી છે. અમદાવાદમાં ઈસરોનું મુખ્ય મથક પણ આવેલું છે. આ ઉપરાંત, અમદાવાદ નજીક ખોરજમાં સ્પેસ ટેકનોલોજી માટે ખાસ ઝોન વિકસાવવાની દિશામાં પણ કામગીરી થઈ રહી છે. ગુજરાતમાં ખાનગી ક્ષેત્રની અવકાશ પ્રવૃત્તિઓ પણ વધી રહી છે. આ વર્ષની શરૂઆતમાં ધોલેરામાં એક સ્ટાર્ટઅપ દ્વારા તેનું પ્રથમ સાઉન્ડિંગ રોકેટ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું હતું. રાજ્યમાં ૨૦થી વધુ સ્ટાર્ટઅપ્સ અને સંસ્થાઓ સ્પેસ ટેકનોલોજી ક્ષેત્રે કાર્યરત હોવાનો અંદાજ છે.

૨૩ ઓગસ્ટે ભારત રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરે છે. ૨૦૨૩માં ચંદ્રયાન-૩ના વિક્રમ લેન્ડરના ચંદ્રના દક્ષિણ ધ્રુવીય વિસ્તારમાં સફળ ઉતરાણની યાદમાં આ દિવસ ઉજવવામાં આવે છે. રાષ્ટ્રીય અવકાશ દિવસની પૂર્વસંધ્યાએ ગુજરાતમાં સ્પેસપોર્ટની જાહેરાત રાજ્યની અવકાશ ક્ષેત્રે વધતી મહત્વાકાંક્ષાઓને વધુ વેગ આપનારી બની શકે છે.

# રાજકોટની ઘટના બાદ સિનિયર તબીબની પંચમહાલ બદલી કરાઈ

રાજકોટ,

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મહિલા તબીબ સાથે થયેલી ગેરવર્તણૂકની ઘટનાને રાજ્ય સરકારે અત્યંત ગંભીરતાથી લીધી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ સરકાર મહિલાઓની સુરક્ષા, સન્માન અને અધિકારોના રક્ષણ માટે પ્રતિબદ્ધ છે. આ ઘટના સંદર્ભે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ તાત્કાલિક અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા આરોગ્ય વિભાગને સ્પષ્ટ આદેશ આપ્યા છે. સમગ્ર ઘટનાની જાણ થતાં જ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ પીડિત મહિલા તબીબ સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. તેમણે મહિલા તબીબની હિંમત વધારવાની સાથે તેમને ન્યાય અને સંપૂર્ણ સુરક્ષા સુનિશ્ચિત કરવાનું આશ્વાસન આપ્યું હતું. મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, સરકારી હોસ્પિટલોમાં મહિલા કર્મચારીઓ અને તબીબોની સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના આદેશથી રાજકોટની આર.ઝેડ. હોસ્પિટલના ડો. અશ્વિન રામાણીની પંચમહાલ જિલ્લાના વાવકુંડલી સ્થિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ખાતે બદલી કરવામાં આવી છે.

# અમદાવાદમાં ડુપ્લિકેટ દવાના વેચાણનો પર્દાફાશ

અમદાવાદ, તા.૨૨

અમદાવાદમાં ડુપ્લિકેટ અને નકલી દવાના વેચાણને લઈને આરોગ્ય વિભાગ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે કાર્યવાહી હાથ ધરી છે. આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું કે નકલી દવાના વેચાણ અંગે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને બાતમી મળી હતી, જેના આધારે અમદાવાદમાં વિવિધ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.

મંત્રીના જણાવ્યા મુજબ, વિભાગે બાતમીના આધારે ૩૦ જેટલા સ્થળોએ રેડ પાડી હતી. દરોડા દરમિયાન શંકાસ્પદ દવાઓ મળી આવતા તેને વધુ તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવી છે. દવાઓના નમૂનાઓની તપાસ બાદ તે ખરેખર નકલી છે કે નહીં તે અંગે વધુ સ્પષ્ટતા થશે.પ્રફુલ પાનસેરિયાએ વધુમાં જણાવ્યું કે પ્રાથમિક તપાસમાં આરોપીઓ ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાંથી નકલી દવાઓ લાવતા હોવાની માહિતી સામે આવી છે. સમગ્ર નેટવર્ક સુધી પહોંચવા માટે વિભાગ દ્વારા તપાસનો દોર આગળ વધારવામાં આવ્યો છે.

નકલી દવાઓનું પગેરું મેળવવા માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે વધુ તપાસ શરૂ કરી છે. દવાઓ ક્યાંથી લાવવામાં આવતી હતી, કોને સપ્લાય કરવામાં આવતી હતી અને તેના વેચાણમાં અન્ય લોકોની સંડોવણી છે કે કેમ તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. આ મામલો લોકોના આરોગ્ય સાથે સીધો સંકળાયેલો હોવાથી તંત્ર દ્વારા સેમ્પલની લેબોરેટરી તપાસ અને આગળની કાયદેસરની કાર્યવાહી પર નજર રાખવામાં આવી રહી છે.

### ઓલમ્પિક-કોમવેલ્થ ગેમ્સની તૈયારી અંગે થશે સમીક્ષા

# ૨૭ ઓગસ્ટે કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહ ફરી આવશે ગુજરાત

## તેમના આ પ્રવાસ દરમિયાન તેઓ રાજ્યમાં વિવિધ જાહેર કાર્યક્રમો અને ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકોમાં હાજરી આપશે

અમદાવાદ, તા.૨૨

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ૨૭ ઓગસ્ટે ગુજરાત પ્રવાસે આવશે. ગુજરાત પ્રવાસ દરમિયાન અમિત શાહ અમરેલી ખાતે યોજાનારા જાહેર કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યારબાદ અમદાવાદ અને ગાંધીનગર ખાતે મહત્વની સમીક્ષા બેઠકો યોજાશે. અમિત શાહની અધ્યક્ષતામાં યોજાનારી આ બેઠકોમાં ઓલિમ્પિક અને કોમનવેલ્થ ગેમ્સની તૈયારીઓ અંગે ચર્ચા અને સમીક્ષા કરવામાં આવશે. રમતગમત ક્ષેત્રે આયોજન, માળખાકીય સુવિધાઓ અને આગામી તૈયારીઓને લઈને સંબંધિત અધિકારીઓ સાથે વિગતવાર સમીક્ષા કરવામાં આવે તેવી શક્યતા છે. પોતાના ગુજરાત પ્રવાસ દરમિયાન અમિત શાહ અમરેલી ખાતે આયોજિત એક જાહેર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ તેઓ અમદાવાદ અને ગાંધીનગર ખાતે કેટલીક મહત્વની સમીક્ષા બેઠકો યોજશે. અમિત શાહની અધ્યક્ષતામાં યોજાનારી આ ખાસ બેઠકોમાં આગામી ઓલિમ્પિક અને કોમનવેલ્થ ગેમ્સની તૈયારીઓ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા અને સમીક્ષા કરવામાં આવશે. આ બેઠકમાં રમતગમત ક્ષેત્રે લાંબા ગાળાનું આયોજન, જરૂરી માળખાકીય સુવિધાઓનો વિકાસ અને અન્ય આગામી તૈયારીઓને લઈને સંબંધિત ઉચ્ચ અધિકારીઓ સાથે વિગતવાર સમીક્ષા કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. કેન્દ્રીય મંત્રી તેમના સંસદીય વિસ્તાર અમદાવાદમાં પણ લોકો સાથે સીધો સંવાદ સાધશે. ૨૭ ઓગસ્ટના રોજ આંબલી-બોપલ ખાતે તેમના દ્વારા એક લોક દરબાર યોજાવા જઈ રહ્યો છે.

આ લોક દરબારમાં તેઓ સ્થાનિક લોકોની રજૂઆતો અને રોજબરોજની સમસ્યાઓને રૂબરૂ સાંભળશે. તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ બોપલ અને ઘુમા વિસ્તારમાં સર્જાયેલી વરસાદી પાણી ભરાવાની ગંભીર સમસ્યા અંગે આ લોક દરબારમાં વિશેષ ચર્ચા થશે. આ ઉપરાંત, વિસ્તારની અન્ય સ્થાનિક સમસ્યાઓ પણ જાણીને તેના કાયમી નિરાકરણ માટેના સઘન પ્રયાસો કરવામાં આવશે. બોપલ-ઘુમા વિસ્તાર સંપૂર્ણપણે સમસ્યામુક્ત બને અને ત્યાં તમામ પ્રકારની સુવિધાસભર વિકાસ થાય તે દિશામાં અમિત શાહ સ્થાનિક તંત્રને જરૂરી માર્ગદર્શન પૂરું પાડશે.

# અમદાવાદમાં સ્વાઈન ફ્લૂના કેસમાં વધારો થયો

અમદાવાદ, તા.૨૨

ચોમાસામાં ભેજવાળું વાતાવરણ વધતા દિલ્હીમાં કહેર વરસાવ્યા બાદ હવે અમદાવાદમાં પણ સ્વાઈન ફ્લૂએ એન્ટ્રી કરી છે. સ્વાઈન ફ્લૂના બે પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે. હાલ બંને દર્દીને આઈસોલેશન વોર્ડમાં સારવારમાં રખાયા છે. સાથે જ શંકાસ્પદ કેસનો આંકડો પણ ચિંતાજનક હોવાથી આરોગ્ય તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. અમદાવાદમાં સોલા સિવિલમાં સ્વાઈન ફ્લૂના બે પોઝિટિવ, જ્યારે શંકાસ્પદ ૧૮ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે. જેના પગલે બંને પોઝિટિવ દર્દીઓને ખાસ આઈસોલેશન વોર્ડમાં સારવાર હેઠળ રખાયા છે. વાતાવરણ સતત બદલવાના કારણે હાલ શરદી, ઉધરસ, તાવ સહિતના વાઈરલ ઈન્ફેક્શન કેસમાં વધારો થઈ રહ્યો છે. સ્વાઈન ફ્લુ ચેપી રોગ હોવાથી ખાસ કરીને વૃદ્ધો તેમજ બીપી, ડાયાબિટીસ, કેન્સર સહિતની બીમારી ધરાવતા દર્દીઓ પર આનો ચેપ લાગવાનું જોખમ સૌથી વધારે હોય છે. ચેપગ્રસ્ત વ્યક્તિ છીંક કે ઉધરસ ખાય ત્યારે નીકળતાં સૂક્ષ્મ ટીપાં અથવા ચેપગ્રસ્ત સપાટીના સંપર્કથી પણ વાયરસ એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં ઈન્ફેક્શન ફેલાઈ શકે છે. ખાસ કરીને બહાર ગામ કે રાજ્યના પ્રવાસેથી પરત આવેલાં વ્યક્તિમાં જો તાવ, શરદી, ઉધરસ જેવા લક્ષણો દેખાય તો તેને સામાન્ય ઈન્ફેક્શન ગણીને બેદરકારી ન દાખવવા તબીબોએ અપીલ કરી છે. સાથે જ બે દિવસ સુધી જો તબિયત ઠીક ન થાય તો તાકીદે રિપોર્ટ કરાવી યોગ્ય સારવાર શરૂ કરવી જોઈએ. સાથે જ કામ વગર ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળવું, તેમજ જઈએ તો માસ્ક, ગ્લવ પહેરવા તથા સફાઈ

### ખેડૂત પુત્રીની કમાલ!

# નેહલ ઝાપડીયાએ તાઈકવોન્ડોમાં જીત્યો નેશનલ બ્રોન્ઝ મેડલ

ભાવનગર, તા.૨૨

બોટાદની શ્રી આદર્શ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય (DLSS)ની પ્રતિભાશાળી ખેલાડી ઝાપડીયા નેહલબેન હરેશભાઈએ પોતાની અથાગ મહેનત અને રમત પ્રત્યેના સમર્પણથી રાષ્ટ્રીય કક્ષાએ શાનદાર સિદ્ધિ હાંસલ કરી છે. ૫મી રાષ્ટ્રીય નેશનલ તાઈકવોન્ડો ચેમ્પિયનશિપનું આયોજન પુણે, મહારાષ્ટ્ર ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં નેહલે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ મેળવી શાળા તેમજ બોટાદ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. ધોરણ-૯માં અભ્યાસ કરતી નેહલ ઝાપડીયા એક સામાન્ય ખેડૂત પરિવારની દીકરી છે. તેના પિતા ખેતીવાડી કરીને દિવસ-રાત મહેનત કરી પરિવારનું જીવનનિર્વાહ ચલાવે છે.

મર્યાદિત સંસાધનો અને સામાન્ય પારિવારિક પરિસ્થિતિ વચ્ચે ઉછરેલી નેહલે ક્યારેય પોતાના સપનાઓને મર્યાદિત થવા દીધા નથી. તેણે મહેનત, શિસ્ત, આત્મવિશ્વાસ અને સંકલ્પને પોતાની સફળતાની ચાવી બનાવી છે. નેહલની રમત ક્ષેત્રે આ પ્રથમ મોટી સિદ્ધિ નથી. અગાઉ પણ તે રાષ્ટ્રીય કક્ષાએ સિલ્વર મેડલ મેળવી ચૂકી છે. રાજ્ય કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં પણ નેહલે શાનદાર પ્રદર્શન કરી કુલ ૯ મેડલ પોતાના નામે કર્યા છે, જેમાં ૨ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. સતત મળતી આ સફળતાઓ નેહલની રમત પ્રત્યેની નિષ્ઠા અને પ્રતિભાનો પુરાવો છે.

નેહલની સફળતા પાછળ તેના માતા-પિતાના સંસ્કાર અને સહયોગની સાથે તેના કોચ અજય મોર્ય તથા તાઈકવોન્ડો ટ્રેનર પટેલ હેપ્પીનું મહત્વપૂર્ણ માર્ગદર્શન રહ્યું છે. નેહલ દરરોજ સવાર અને સાંજ મળીને આશરે ૫થી ૬ કલાક સખત તાલીમ લે છે.રમતની આકરી તાલીમ સાથે શૈક્ષણિક અભ્યાસને પણ સંતુલિત રાખવો તેની શિસ્ત અને સમય વ્યવસ્થાપનનું ઉત્તમ ઉદાહરણ છે.

એક સામાન્ય ખેડૂત પરિવારની દીકરીથી રાષ્ટ્રીય કક્ષાની મેડલ વિજેતા બનવા સુધીની નેહલની સફર અનેક વિદ્યાર્થીઓ અને યુવા ખેલાડીઓ માટે પ્રેરણારૂપ છે.

જીવનમાં સફળતા મેળવવા માટે હંમેશાં મોટા સાધનો કે સુવિધાઓ જ જરૂરી નથી, પરંતુ લક્ષ્ય પ્રત્યેનો અડગ સંકલ્પ, સતત મહેનત અને યોગ્ય માર્ગદર્શન પણ મહત્વપૂર્ણ છે, તે નેહલે સાબિત કરી બતાવ્યું છે.

: લાઘવિકા :

શીર્ષક : કટાઈ ગયેલી ચાવી



અલ્પા નિર્મલ 'અમી' (કચ્છ અંજાર )

: કહેવત :

*સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય*

ચાર્મી કૉલેજમાંથી એક અભ્યાસના પ્રોજેક્ટ અર્થે કેમ્પમાં ગઈ હતી. રાતના સમયે બધાં વિદ્યાર્થીઓ ફાયર સામે ગોઠવાયેલાં હતાં. કોઈ ગિટાર વગાડતું હતું તો કોઈ ગીત ગાઈ રહ્યું હતું. મોડે સુધી ચાલતું રહ્યું. બાદમાં બધાં સૂવા માટે ટેન્ટમાં જતાં રહ્યાં. ચાર્મી પણ જવાની તૈયારી કરતી હતી ત્યાં તેના પગ નીચે કશું ખૂંચતું હોય એવું લાગ્યું.

તે પગ હટાવીને જોયું તો એક કટાઈ ગયેલી ચાવી મળી. કુતૂહલવશ તેણે નીચેથી ચાવી ઉપાડી.

ચાવીનો આકાર અલગ જ હતો. ચાર્મીએ ચાવી તેની પાસે રાખી. બીજા દિવસે ચાર્મી ચાવી લઈને ગામના લુહાર પાસે પહોંચી. લુહારે તે ચાવી ધ્યાનથી જોઈ. લુહારે તે ચાવી ખૂબ ઝીણવટપૂર્વક નિહાળી. તે ચાવીમાં એક સંદેશો છુપાયેલો હતો. ચાર્મીને એ વાતથી અજાણ રાખી અને કહ્યું કે, તું કાલ આવીને ચાવી લઈ જજે. હું આ ચાવીમાંથી કાટ કાઢી રાખીશ.

બીજા દિવસે ચાર્મી તે દુકાન પર ગઈ તો તેને ત્યાંથી સમાચાર મળ્યા કે લુહાર રાતોરાત ગામ છોડીને ચાલ્યો ગયો છે. મોગરાની મનમોહક ફોરમવાળા પર્ફ્યુમથી આખી ઑફિસ સુવાસિત રહેતી. લક્ષ્યને મોગરાની સોડમ ખૂબ જ પસંદ હતી. તેની ઑફિસમાં લગાવેલ વોલપેપર પર મોગરાની હાજરી અચૂક જણાતી. તેનું વ્યક્તિત્વ પણ મોગરા જેવું સુંગધી હતું. મોગરો જેમ સુવાસ ફેલાવતો જાય તેમ લક્ષ્ય પણ જ્યાં જાય ત્યાં તેનાં ધીરજ, ખુદ્દારી અને મળતાવડાં સ્વભાવનાં ગુણ છોડતો જ જાય. કાચની કેબિનમાં રોલિંગ ખુરશી પર બેસીને આજના કામનું લિસ્ટ તેની આદત મુજબ તૈયાર કરી રહ્યો હતો. થોડીવાર રહીને જેમના લેવાનાં હતાં તેનું લિસ્ટ તેની કંપનીનો એક કારીગર આપી ગયો.

લક્ષ્ય સમય સાથે ચાલીને, સમયને લક્ષમાં રાખીને જ કામ કરતો. જે તેની સફળતાનું સૌથી સકારાત્મક પાસું હતું. બરાબર સાડા નવ વાગ્યા ને ઑફિસનાં દરવાજા પર ખટખટાવીને, ''હું અંદર આવી શકું, સર?'' આ અવાજ લક્ષ્યને જાણીતો લાગ્યો. લક્ષ્યએ અંદર આવવા કહ્યું.

લક્ષ્ય અભય સામું આશ્ચર્ય સાથે જોઈ રહ્યો.

લક્ષ્ય મોટી કંપનીનો માલિક હતો તોપણ તેની વાણીમાં વિનય અને વિવેક જળવાયેલા હતા. આશ્ચર્ય સાથે લક્ષ્ય બોલ્યો, ''અરે! માલિક તમે? અહીં!''

અભય નીચું મોં રાખીને રડવા લાગ્યો. લક્ષ્ય, ''મને માલિક કહીને શરમાવ નહીં. ક્યાં હું ને ક્યાં તુંપમાફ કરજો ક્યાં તમે સર!''

''માલિક જો તમે તે દિવસે એ કઠોર શબ્દો ન કહ્યાં હોત તો આજ હું મારું અલગ વિશ્વ સ્થાપી જ ન શક્યો હોત. તમને મેં ખૂબ શોધવાના પ્રયત્નો કર્યા. તમે તો ગામ છોડીનેપ''

''હા લક્ષ્ય, રૂપિયાની ગરમીએ મારા સંસ્કાર, વાણી વર્તન પર કબજો જમાવી લીધો હતો. એવું જ લાગ્યા કરતું હતું કે મારી ખુદની મહેનતથી જ આ બધું ચાલે છે. પપ્પાનો તું જ એક વિશ્વાસુ કારીગર હતો. પપ્પાનો જમણો હાથ હતો. જેની મને ખૂબ ઈર્ષ્યા થઈ આવતી. એટલે પપ્પાના સ્વર્ગવાસ થયા બાદ તારા પર ખોટા આરોપ લગાડીને, ન બોલવાના શબ્દો બોલીને તને નોકરીમાંથી કાઢી મૂક્યો.

''આ લક્ષ્મી તો ચંચળ કહેવાય તેમ હું પણ રૂપિયાના મદમાં છલકાતો ગયો એટલે લક્ષ્મીજીએ ઘરમાંથી વિદાય લઈ લીધી. કામ પ્રત્યે અરુચિ ને અણગમાને લીધે બધી રીતે હું બરબાદ થઈ ગયો. જે મળે તે પરચૂરણ કામ કરીને જેમતેમ ગુજરાન ચલાવતો હતો. તારું નામ સાંભળ્યું એટલે હું પશ્ચાતાપભર્યો એક આશા સાથે આવ્યો કે મેં જેવું વર્તન કર્યું છે તેવું તું તો નહીં જ કરે.

''તું પહેલેથી જ મહેનતુ હતો એટલે જ તને સિદ્ધિ આજ જઈ વરી છે.'' અલ્પા નિર્મળ ''અમી'' (કચ્છ અજાંર)




# ચોમાસામાં ગાંધીનગરના ૬.૫ કિમી રસ્તા બિસ્માર

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલુ ચોમાસા દરમિયાન આશરે ૬.૫ કિલોમીટર જેટલા રસ્તાઓ ખરાબ થઈ જતાં વાહનચાલકો અને નાગરિકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. આ સમસ્યાના ઉકેલ અર્થે ગાંધીનગર કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચોમાસામાં બગડેલા રસ્તાઓની તાકીદે મરામત કરવા માટે રૂ. ૬૬ લાખના કામોને મંજૂરી આપવામાં આવી છે. ખરાબ થઈ ગયેલા રસ્તાઓ પર પ્રાથમિક ધોરણે વેટ મિક્સ પાથરીને વાહનવ્યવહાર માટે સુરક્ષિત બનાવવા નિર્ણય લેવાયો છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની આ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શહેરના વિકાસ અને નાગરિક સુવિધાઓને લગતા અલગ અલગ ૩૫ જેટલા મહત્વના મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠક દરમિયાન ૪ જેટલા નવા ટેન્ડર અને ૯ જેટલી નીતિ વિષયક બાબતોને આવરી લઈને જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા હતા. શહેરના વિવિધ વિસ્તારોમાં આંતરમાળખાકીય સુવિધાઓને મજબૂત કરવા તેમજ ચોમાસા દરમિયાન ઊભી થયેલી સમસ્યાઓનો ઝડપી ઉકેલ લાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.આ બેઠકમાં રસ્તા રિપેરીંગ ઉપરાંત શહેરની માળખાકીય સુવિધાઓના અપગ્રેડેશન માટે કુલ રૂ. ૩૯ કરોડની કિંમતના ટેન્ડરોને પણ લીલી ઝંડી આપવામાં આવી હતી.

Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

23-08-2026_33 Jan Fariyad_New_P-2